શ્રી માલદેવજી ઓડેદરા સ્મારક ટ્રસ્ટ સંચાલિત

ડૉ. વિરમભાઈ રાજાભાઈ ગોઢાણિયા

મહિલા આર્ટ્સ, કોમર્સ, હોમસાયન્સ એન્ડ ઈન્ફર્મેશન ટેકનોલોજી કોલેજ

# જયોતિર્ગમય

(દ્વિમાસિક મુખપત્ર)

To, ____________________

પ્રકાશક - Books & Publication Division
Dr. V. R. Godhaniya Mahila College, Porbandar.
મુદ્રક : ''ગેલી પ્રિન્ટર્સ'' પોરબંદરમાં છપાવી તે જ સ્થળેથી પ્રગટ કર્યુ.
વર્ષ : ૫ - અંકઃ ૩૬ જુન/જુલાઈ.-૨૦૧૪ (૦૨૮૬-૨૨૪૮૦૯૧)

## (૧) ડૉ. વી. આર. ગોઢાણિયા મહિલા કોલેજે ૨૬ વર્ષ પૂર્ણ કર્યા-સ્થાપના દિનની ઉત્સાહભેર ઉજવણી



પોરબંદર શહેરમાં છેલ્લા અઢી દાયકાથી કન્યાકેળવણીક્ષેત્રે સતત કાર્યરત અને ગ્રામ્ય વિદ્યાર્થીનીઓના શિક્ષણ અને ચારિત્ર્યનું ઘડતર કરી તેમનામાં સંસ્કારોના બીજ રોપનારી શ્રી માલદેવજી ઓડેદરા સ્મારક ટ્રસ્ટ સંચાલિત, ડૉ. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજની સ્થાપનાના ૨૬ વર્ષ તા. ૦૧-૦૭-૨૦૧૪ ના રોજ પૂર્ણ થયા. તે નિમિત્તે મહિલા કોલેજમાં સ્થાપના દિનની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી.

ડૉ. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજના ટ્રસ્ટી શ્રી ભરતભાઈ ઓડેદરાના અધ્યક્ષ સ્થાને યોજાયેલા આ કોલેજના સ્થાપના દિનની ઉજવણીના કાર્યક્રમનો શ્રી ભરતભાઈ ઓડેદરા ઉપરાંત કોલેજના ટ્રસ્ટી શ્રીમતી શાંતાબહેન ઓડેદરા, ટ્રસ્ટીશ્રી ભરતભાઈ વિસાણા, મહિલા કોલેજના પ્રિન્સિપાલશ્રી ડૉ. નાગરસાહેબ તથા ડૉ. વી.આર. ગોઢાણિયા શૈક્ષણિક સંકુલ સાથે શૈક્ષણિક વર્ષ ૨૦૧૪-૧૫ થી જોડાયેલા શ્રી પુષ્પાબેન જોષી તથા જાણીતા કેળવણીકાર ડૉ. એ.આર. ભરડાએ મંગલદિપ પ્રગટાવી, શુભારંભ કર્યો હતો.

કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોનું શબ્દસુમન વડે સ્વાગત કરતા પ્રિન્સિપાલશ્રી ડૉ. નાગરસાહેબે જણાવ્યું હતું કે, ''આ કોલેજ પોતાની સ્થાપનાના પ્રથમ વર્ષથી જ સદાય પ્રગતિના પંથે આગેકદમ કરી રહી છે. આજે કોલેજની અનેક ભૂતપૂર્વ વિદ્યાર્થીનીઓ સમાજના વિવિધ ક્ષેત્રોમાં ઉચ્ચ હોદ્દાઓ શોભાવી રહી છે અને આ મહિલા કોલેજે પણ સૌરાષ્ટ્રની શ્રેષ્ઠ કોલેજોમાં પોતાનું નામાંકન કરાવ્યું છે.''




આ પ્રસંગે કોલેજના ટ્રસ્ટીશ્રી ભરતભાઈ ઓડેદરાએ ડૉ. વી.આર. ગોઢાણિયા શૈક્ષણિક સંકુલના કોલેજના મેગેઝીન 'સંગાથ' ના વાર્ષિક અંકનું વિમોચન કરતા જણાવ્યું કે, ''સફળતા મેળવવા માટે પુરૂષાર્થ કરવો અત્યંત જરૂરી છે. નિષ્ફળતાને સફળતામાં ફેરવવાની ચાવી પુરૂષાર્થ છે.'' કોલેજના ટ્રસ્ટીશ્રી શ્રીમતી શાંતાબહેન ઓડેદરાએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, ''સ્ત્રી અબળા નહિ, પણ સબળા છે. સમાજ પુરૂષપ્રધાન નહિ, પરંતુ મહિલા પ્રધાન છે. તે બાબત પુરવાર કરવા માટે મહિલાઓએ હજુ પુરૂષાર્થ કરવો પડશે.''

જાણીતા કેળવણીકાર ડૉ. ઈશ્વરભાઈ ભરડાએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, ''સ્વ. શ્રી માલદેવજીભાઇ ઓડેદરાના કન્યાકેળવણી અંગેના ઉમદા વિચારોને આ સંસ્થાએ અમલમાં મુક્યા છે.'' જયારે શ્રી પુષ્પાબહેન જોષીએ - ''આજે જયારે કન્યાકેળવણીનો વ્યાપ વધતો જાય છે. ત્યારે આપણી મૂળભૂત ઓળખ સમાન સંસ્કાર સાથેના શિક્ષણને સૌ ઉત્તેજન આપે તેવી ભલામણ કરી હતી.''

કોલેજના ટ્રસ્ટીશ્રી ભરતભાઈ વિસાણાએ જણાવ્યું કે, ઉચ્ચત્તમ લક્ષ્ય, જ્ઞાનપ્રાપ્તિની સતત ઝંખના, અણથક પરિશ્રમ તથા મુશ્કેલીઓને પરાજિત કરવાની મક્કમતા કોઈપણ વ્યકિતને વિરલ બનાવે છે. વિચારોની મક્કમતા જગતને બદલવાની તાકાત છે.

આ પ્રસંગે મહિલા કોલેજની વિદ્યાર્થીનીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. જેમાં રાસ, ગણેશસ્તુતિ, નૃત્ય નાટિકા, વાર્તાલાપ તથા શ્રી ચેતનભાઈ દવે દ્વારા દિગ્દર્શિત નાટક 'દિકરી ભણશે, પેઢી તરશે,' રજુ કરાયુ હતું. આ નાટક જોઈને, 'દિકરીઓને ભણાવવી જોઈએ' એવી ભાવના બળવત્તર બની હતી.

સાથે જ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા એપ્રિલ-૨૦૧૪માં લેવાયેલી પરીક્ષાઓમાં યુનિવર્સિટી કક્ષાએ ટોપ ટેનની યાદીમાં સ્થાન મેળવનાર તથા મહિલા કોલેજનો ગોલ્ડ મેડલ મેળવનાર બી.કોમ. ની વિદ્યાર્થીની કુ. મિનલ રાઠોડ તથા બી.એસ.સી. (હોમ સાયન્સ) ની વિદ્યાર્થીની કુ. મિરાલી મદલાણીને ઉપસ્થિત મહાનુભાવોના વરદ હસ્તે સ્મૃતિ ચિહ્ન અર્પણ કરી, સન્માનિત કરાઈ હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન મહિલા કોલેજની B.Com. (EM) Sem-5 વિદ્યાર્થીનીઓ કુ. દિવ્યા અટારા તથા કુ. દિપ્તિ દવેએ સુંદર રીતે કર્યું હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં ટ્રસ્ટીશ્રી ભરતભાઈ વિસાણા, પ્રિ.શ્રી. ડૉ. નાગર સાહેબ, વાઈસ પ્રિન્સીપાલશ્રી કગથરા સાહેબ સાહેબ સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષ ડૉ. ભાવનાબહેન કેશવાલા, ઉપરાંત, ડૉ. ઈલાબહેન થાનકી, પ્રા. વર્ષાબહેન જોષી, પ્રા. સુહાગિની બહેન ગરાસિયા, ડૉ. મુળજીભાઈ વાઘેલા, શ્રી ભારતીબહેન શિંગરખીયા, પ્રા. નીતાબહેન બોરીસાગર, પ્રા. મિતલ જેઠવા, સમગ્ર અધ્યાપકગણ તથા કોલેજ પરિવારે જહેમત ઉઠાવી હતી.

## ૨) શૈક્ષણિક વર્ષ ૨૦૧૪-૧૫ ના પ્રારંભે પ્રવેશોત્સવ કાર્યક્રમ :-

ડૉ. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૪-૧૫ ના પ્રથમ દિવસ તા. ૧૮-૬-૨૦૧૪ ના રોજ, 'પ્રવેશોત્સવ કાર્યક્રમ' નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મહિલા કોલેજની કોઈ પણ વિદ્યાશાખામાં, પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલી વિદ્યાર્થીનીઓ કોલેજની પરંપરાથી માહિતગાર થાય અને કોલેજના પ્રાધ્યાપકગણથી પરિચિત થાય તે હેતુથી દરેક વિદ્યાશાખા તેમજ દરેક વિભાગના અધ્યક્ષ દ્વારા, પોતાના વિભાગના પ્રાધ્યાપકશ્રીઓ તથા પોતાના વિષયસંબંધિત માહિતિ પુરી પાડવામાં આવી.

આ પછી મહિલા કોલેજના પ્રિન્સિપાલશ્રી ડૉ. નાગર સાહેબે મહિલા કોલેજમાં પ્રાપ્ત શૈક્ષણિક સુવિધાઓ તથા કોલેજમાં ચલાવાતા વિવિધ ટુંકાગાળાના તથા વ્યવસાયલક્ષી અભ્યાસક્રમો અંગેની માહિતી આપી તથા સાથોસાથ સપ્તધારા તથા સ્પર્ધાત્મક પ્રવૃતિઓ અંગેની માહિતિ પણ પુરી પાડવામાં આવી તથા ટ્રસ્ટીશ્રી ભરતભાઈ વિસાણાએ સંસ્થાનો પરિચય આવ્યો તથા વિદ્યાર્થીઓને ઉપલબ્ધ સુવિધાઓનો લાભ લેવા તથા ખુબ મહેનત કરીને સફળતા પ્રાપ્ત કરવા પ્રોત્સાહિત કરી. અંતમાં, રાષ્ટ્રગીતના સમુહગાન સાથે કાર્યક્રમ સંપન્ન કરવામાં આવ્યો. સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન મહિલા કોલેજની B.A.Sem-5 ની વિદ્યાર્થીનીઓ કુ. જયના થાનકી તથા કુ. વર્ષા થાનકીએ કર્યું હતું.

## ૩) શૈક્ષણિક વર્ષ ૨૦૧૩-૧૪ ની તેજસ્વીનીઓને અભિનંદન :-

એપ્રિલ-૨૦૧૪ માં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટએ શૈક્ષણિક વર્ષ-૨૦૧૦-૧૧ શરૂ કરેલી નવી અભ્યાસપદ્ધતિ - Semester System નો દ્વિતીય બેચ સ્નાતક ડિગ્રી સાથે તૈયાર થયો. જેનું પરિણામ C.G.P.A. (Cumulative Grade Point Average) એટલે કે, ત્રણેય વર્ષના છ સેમેસ્ટરના પરિણામની સરેરાશ મુજબ જાહેર કરવામાં આવ્યું. જેમાં,



જોષી આશા દિનેશકુમાર (હિન્દી)
૪૬૦૦ માંથી ૩૬૫૯ ગુણ (૭૯.૫૪%)



રાઠોડ મિનલ વિજયકુમાર,
૪૪૦૦ માંથી ૩૬૭૩ ગુણ (૮૩.૪૭%)
સાથે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં છઠ્ઠો નંબર



મદલાણી મિરાલી મહેશકુમાર.
૪૨૦૦ માંથી ૩૫૩૮ ગુણ (૮૪.૨૩%)
સાથે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં પાંચમો નંબર

**A)** (આર્ટ્સ ફેકલ્ટી) : દ્વિતીય :- મકવાણા નયના રમેશભાઈ (સંસ્કૃત) ૪૬૦૦ માંથી ૩૬૪૮ ગુણ (૭૯.૩૦%)
તૃતીય :- ખોડા બંસી ભરતભાઇ (હિન્દી) ૪૬૦૦ માંથી ૩૬૦૫ ગુણ (૭૮.૩૯%)

**B)** (કોમર્સ ફેકલ્ટી) : દ્વિતીય :- અમલાણી ક્રિષ્ના કિરીટકુમાર, ૪૪૦૦ માંથી ૩૫૪૮ ગુણ (૮૦.૬૩%)
તૃતીય :- સિસોદીયા કાજલ રણવીરભાઈ ૪૪૦૦ માંથી ૩૫૩૯ ગુણ (૮૦.૪૩%)

**C)** (હોમ સાયન્સ ફેકલ્ટી) : દ્વિતીય :- જોષી હિના પ્રભુદાસ. ૪૨૦૦ માંથી ૩૩૪૫ ગુણ (૭૯.૬૪%)
તુતીય :- શર્મા કીર્તિ ભીખુભાઈ. ૪૨૦૦ માંથી ૩૨૭૦ ગુણ (૭૭.૮૫%)

ડૉ. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજની ત્રણેય વિદ્યાશાખાઓમાં C.G.P.A. અનુસાર પ્રથમ ત્રણ નંબર પ્રાપ્ત કરનાર (તથા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની પરીક્ષામાં ટોપ ટેનમાં સ્થાન પ્રાપ્ત કરી કોલેજને પણ ગૌરવ અપાવનાર) ઉપરની તમામ વિદ્યાર્થીઓને ડૉ. વી.આર. ગોઢાણિયા શૈક્ષણિક સંકુલના પ્રમુખશ્રી ડૉ. વિરમભાઈ ગોઢાણિયા, તમામ ટ્રસ્ટીશ્રીઓ, પ્રિન્સિપાલશ્રી ડૉ. નાગર સાહેબ, વાઈસ પ્રિન્સિપાલશ્રી કગથરા સાહેબ, પ્રાધ્યાપકગણ, વહીવટી કર્મચારીઓ તથા સમગ્ર કોલેજ પરિવાર તરફથી ખુબ ખુબ અભિનંદન. ત્રણેય વિદ્યાશાખાની પ્રથમ નંબર મેળવેલી વિદ્યાર્થીનીઓને જાન્યુઆરી-૨૦૧૫માં યોજાનાર વાર્ષિકોત્સવમાં 'શ્રીમતી જયશ્રીબહેન વિરમભાઈ ગોઢાણિયા ગોલ્ડ મેડલ' થી સન્માનિત કરવામાં આવશે.

## ૪) 'ગોઢાણિયા મહિલા કોલેજમાં બ્લડ ડોનેશન કેમ્પ'નું આયોજન :-

ડૉ. વી.આર.જી. મહિલા કોલેજમાં તા. ૯-૭-૨૦૧૪ ના રોજ, કોલેજમાં કાર્યરત હેલ્થ સેન્ટર, સામુદાયિક સેવાધારા, એન.એસ.એસ. તથા યુથ રેડક્રોસના સંયુક્ત ઉપક્રમે એક 'બ્લડ ડોનેશન કેમ્પ' નું આયોજન કરાયું હતું.

જેમાં મહિલા કોલેજની ૮૬ વિદ્યાર્થિનીઓએ રક્તદાન કર્યું હતું. પોરબંદર ખાતેની 'શ્રી આશા બ્લડ બેંક' દ્વારા આ રક્તદાનનો સ્વીકાર કરાયો છે. આ કેમ્પની વિશેષતા એ છે કે, તમામ વિદ્યાર્થિનીઓનાં રક્તમાં રહેલ હિમોગ્લોબીનનાં પ્રમાણને ચકાસ્યા પછી જ રક્તદાન કરવા દેવાયું હતું. 'શ્રી આશા બ્લડ બેંક' માંથી શ્રી કમલભાઈ તથા તેમની ટીમ રક્તદાન સમયે હાજર રહી હતી તથા મહિલા કોલેજના પ્રાધ્યાપકશ્રીઓ, ડૉ. કેતનભાઈ શાહ, ડૉ. ચેતનાબહેન બેચરા, ડૉ. ગીતાબહેન ઉનડકટ, પ્રા. દક્ષાબહેન ચોટાઈ, શ્રી ભારતીબહેન શિંગરખીયા તથા કોલેજના હેલ્થ સેન્ટરના ડૉ. જયશ્રીબહેન પરમાર તથા મહિલા કોલેજના વાઈસ પ્રિન્સિપાલશ્રી કગથરાસાહેબે સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામા માટે જહેમત ઉઠાવી હતી.

દાનમાં અપાયેલા આ રક્તનો થેલેસેમિયાના બાળદર્દીઓની સારવાર માટે ઉપયોગ કરવામાં આવશે. મહિલા કોલેજના પ્રિન્સીપાલશ્રી ડૉ. નાગરસાહેબ તથા ટ્રસ્ટીશ્રી ભરતભાઈ વિસાણાએ રક્તદાન કરનાર વિદ્યાર્થીનીઓને અભિનંદન પાઠવ્યા હતા તથા ભવિષ્યમાં તેમનામાં હિમોગ્લોબીન અંગેની સજાગતા વધે તે માટે પ્રયાસો કરવા ઉપર ભાર મુકયો હતો.

## ૫) ગોઢાણિયા કોલેજમાં ગુરૂપૂર્ણિમાની શાનદાર ઉજવણી :-

ડૉ. વી.આર. ગોઢાણિયા કોલેજમાં તા. ૧૨-૭-૨૦૧૪ ના રોજ ગુરૂપૂર્ણિમાની શાનદાર ઉજવણી કરવામાં આવી. મહિલા કોલેજમાં કાર્યરત 'પ્રાર્થના સમિતિ' દ્વારા આયોજીત આ કાર્યક્રમનો મંગલ પ્રારંભ કુ. પ્રિયા ચૌહાણ દ્વારા, ગૂરૂવંદના સાથે સંકળાયેલ એક ભજનથી કરવામાં આવ્યો. આ પછી તરત જ કાર્યક્રમમાં ઉપસ્થિત કોલેજના ટ્રસ્ટીશ્રી ભરતભાઈ વિસાણા, પ્રિન્સિપાલશ્રી ડૉ. નાગરસાહેબ વાઈસ પ્રિન્સિપાલશ્રી કગથરા સાહેબ તથા સમગ્ર અધ્યાપકગણ અને વહીવટી કર્મચારીઓનું વિદ્યાર્થીઓએ પુષ્પગુચ્છ સાથે ઉષ્માસભર અભિવાદન કર્યું હતું. આ પછી રજુ થયેલા કાર્યક્રમમાં વિદ્યાર્થીનીઓએ 'ગૂરૂવંદના' અને 'ગુરૂમહિમા' સંબંધી પોતાના વિચારો વકતવ્યના માધ્યમથી રજુ કર્યા. જેમાં વર્ષા થાનકી, માલી ઓડેદરા, વિભુતિ ધોકિયા, દિવ્યા અટારા, પાયલ મકવાણા, વંદના પોપટ તથા મોહિની પાંજરીએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો તથા કુ. પૂર્વી જોષીએ સ્વરચિત કાવ્ય રજુ કરીને સૌને ભાવવિભોર કર્યા હતા.

## ૬) 'ટેલેન્ટ મોર્નિંગ' કાર્યક્રમની રંગારંગ ઉજવણી- ડૉ. વી.આર. ગોઢાણિયા શૈક્ષણિક સંકુલના મેનેજીંગ ટ્રસ્ટીશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાની પ્રેરક ઉપસ્થિતિ

પોરબંદરની 'મહિલા ઉચ્ચ શિક્ષણ' ક્ષેત્રે જાણીતી ડૉ. વી.આર.જી. મહિલા કોલેજમાં તા. ૧૯-૦૭-૨૦૧૪ ના રોજ, આ કોલેજની કોઈ પણ વિદ્યાશાખામાં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલી વિદ્યાર્થિનીઓની કલાને મંચ પુરો પાડવાના હેતુથી 'Talent Morning' કાર્યક્રમનું આયોજન કરાયું હતું. જેમાં ડૉ. વી.આર.જી. શૈક્ષણિક સંકુલના મેનેજીંગ ટ્રસ્ટીશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાની ઉપસ્થિતિ વિદ્યાર્થિનીઓ તેમજ સમગ્ર મહિલા કોલેજ પરિવાર માટે અવિસ્મણીય બની રહી હતી. કાર્યક્રમનો મંગલ પ્રારંભ મહાનુભાવોના વરદ હસ્તે દિપપ્રાગટ્ય સાથે કરાયો. આ સમયે મહિલા કોલેજની સંસ્કૃત વિભાગની વિદ્યાર્થિનીઓ દ્વારા સ્ત્રોતગાન કરવામાં આવ્યું અને પછી તરત જ, પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલી વિદ્યાર્થિનીઓએ સ્વાગત ગીત રજુ કરીને, આદરણીય શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાનું સુંદર રીતે સ્વાગત કર્યું અને પછી તરત જ કોલેજની વિદ્યાર્થિનીઓના હસ્તે શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા, શ્રી ભરતભાઈ વિસાણા, પ્રિન્સિપાલશ્રી ડૉ. નાગરસાહેબ તથા વાઈસ પ્રિન્સિપાલશ્રી કગથરાસાહેબનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું.



પછી તરત જ આજના શુભ દિવસે કોલેજના આદરણીય અતિથિશ્રી અર્જુનભાઈનું શબ્દોથી સ્વાગત કરવાની સાથોસાથ પ્રિ.શ્રી ડૉ. નાગરસાહેબ વેકેશન પુરૂં થયા પછીના પ્રથમ માસ દરમિયાન કોલેજમાં થયેલી પ્રવૃતિઓની માહિતી આપી. તેમણે જણાવ્યું કે, ૨૦૧૪-૧૫ નાં શૈક્ષણિક વર્ષમાં મહિલા કોલેજની ત્રણેય વિદ્યાશાખાઓમાં પ્રથમ વર્ષમાં કુલ ૬૨૫ જેટલી વિદ્યાર્થિનીઓને પ્રવેશ અપાયો છે.' ઉપરાંત તેમણે જણાવ્યું કે, ''ગોઢાણિયા કોલેજના મુખ્ય બે દૃષ્ટિબિંદુ છે. (૧) વિદ્યાર્થિનીઓને પ્રતિભાસંપન્ન બનાવવી અને (૨) તેમને સ્વનિર્ભર બનાવવી. તેથી જ કોલેજમાં અનેક અભ્યાસેતર પ્રવૃતિઓ તથા Short Term Courses ચલાવવામાં આવી રહ્યા છે.'' ટ્રસ્ટીશ્રી ભરતભાઈ વિસાણાએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, '' ગોઢાણિયા સંકુલને શ્રી અર્જુનભાઈનાં માર્ગદર્શન અને હુંફ સતત મળતા રહે છે. શિક્ષણક્ષેત્રે તેમના વિશાળ અનુભવનો પણ વિદ્યાર્થીઓને સતત લાભ મળતો રહે એવું અમે ઈચ્છીએ છીએ.''

પ્રાસંગિક ઉદ્દ્બોધન કરતાં શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, ''વિદ્યાર્થિનીઓને માટે કોલેજના ત્રણ વર્ષ ઉત્સવ બની રહે, તેવી મજબૂત કેળવણી આ સંસ્થામાંથી તમને પ્રાપ્ત થાય તેવા મારા આશીર્વાદ છે. આ સમયે તમારા માતાપિતા તથા અમારા સૌની એ અપેક્ષા તમારી પાસે છે કે, જેટલો સમય તમને મળ્યો છે તેટલો તમારી કારકીર્દિના વિકાસ માટે વાપરો. આ તમારા જીવનનો ઉત્તમ સમય છે. ભવિષ્યમાં તમે પણ ઉચ્ચ હોદ્દાઓ મેળવો અને તેને કુશળતાપૂર્વક શોભાવો.''

આ પછી રજુ કરાયેલા સાંસ્કૃતિક કાર્યક્રમમાં પ્રથમ વર્ષની વિદ્યાર્થિનીઓ દ્વારા શિવ સ્તુતિ, ગ્રુપ ડાન્સ, તલવારબાજી, સોલો ડાન્સ, કવ્વાલી તથા શ્રી ચેતનભાઈ દવે દ્વારા તૈયાર કરાવાયેલા નાટક 'સુષુપ્ત ખજાનો' રજુ કરવામાં આવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન બી.કોમ.(EM) સેમે-૫ ની વિદ્યાર્થીની કુ. પ્રિયા ચૌહાણ તથા બી.કોમ.(ઈ.એમ.) સેમે-૧ ની વિદ્યાર્થિનીઓ કુ. માયા ઓડેદરાએ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં સાંસ્કૃતિક સમિતિના કન્વીનરશ્રી ડૉ. ભાવનાબહેન કેશવાલા, ડૉ. ઈલાબહેન થાનકી, ડૉ. વાઘેલા સાહેબ, પ્રા. વર્ષાબહેન જોષી, પ્રા. સુહાગીનીબહેન ગરાસિયા, શ્રી ભારતીબહેન શિંગરખીયા, પ્રા. નીતાબહેન બોરીસાગર તથા પ્રા. મિતલ જેઠવાએ જહેમત ઉઠાવી હતી તથા સૌને શ્રી વિસાણા સાહેબ, ડૉ. નાગર સાહેબ તથા પ્રા. કગથરાસાહેબનું અમૂલ્ય માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું.

## ૭) મહિલા કોલેજમાં વિદ્યાર્થિનીઓના થેલેસેમિયા ટેસ્ટ :-

ડૉ. વી.આર.જી. મહિલા કોલેજમાં તા. ૨૫-૭-૨૦૧૪ ના રોજ, મહિલા કોલેજમાં કાર્યરત હેલ્થ સેન્ટર, એન.એસ.એસ. તથા સામુદાયિક સેવા ધારાના સંયુક્ત ઉપક્રમે, 'નેચર ક્લબ-રાજકોટ' ના સહકારથી, કોલેજની કોઈ પણ વિદ્યાશાખામાં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલી વિદ્યાર્થિનીઓ માટે 'થેલેસેમિયા ટેસ્ટ' નું આયોજન કરાયું હતું. જેમાં કોલેજની ૬૦૦ જેટલી વિદ્યાર્થીનીઓના C.B.C. અને H.P.L.C. એમ બંને પ્રકારના ટેસ્ટ કરાયા હતા. 'નેચર ક્લબ-રાજકોટ' થી આ ટેસ્ટ માટે કોલેજ ખાતે આવેલી ટીમમાં ડૉ. નીતિનભાઈ પોપટ, શ્રી બીપીનભાઈ કક્કડ, શ્રી હર્ષલભાઈ ભટ્ટ, શ્રી વજુભાઈ દાવડા તથા શ્રી કૌશિકભાઈ ભટ્ટનો સમાવેશ થયેલો હતો તથા મહિલા કોલેજ ખાતેથી ડૉ. કેતનભાઈ શાહ, ડૉ. ગીતાબહેન ઉનડકટ, પ્રા. દક્ષાબહેન ચોટાઈ, ડૉ. રેખાબહેન મોઢા, શ્રી ભારતીબહેન શિંગરખીયા, ડૉ. જયશ્રીબહેન પરમાર વિગેરેએ આ કાર્યમાં સંપૂર્ણ સહકાર પુરો પાડ્યો હતો.

સાથોસાથ આ કાર્યમાં મહિલા કોલેજના ટ્રસ્ટીશ્રી ભરતભાઈ વિસાણા, પ્રિ.શ્રી ડૉ. નાગરસાહેબ તથા વાઈસ પ્રિ.શ્રી. કગથરાસાહેબનું અમૂલ્ય માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું.

## ૮) C.C.D.C./UDISHA અંતર્ગત થયેલ પ્રવૃતિઓ :-



૧) ડૉ. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજ દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૧૪-૧૫ થી અમદાવાદ ખાતેની જાણીતી તાલીમસંસ્થા 'વિશ્વાસ એકેડેમી' સાથે Tie up કરવામાં આવ્યું છે. જેના માટે ડૉ. વી.આર.જી. શૈક્ષણિક સંકુલના પ્રમુખશ્રી ડૉ. વિરમભાઈ ગોઢાણિયા, ટ્રસ્ટીશ્રી ભરતભાઈ વિસાણા તથા પ્રિ.શ્રી. ડૉ. નાગર સાહેબ દ્વારા વર્ષ ૨૦૧૩-૧૪ થી સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા હતા.
કરવામાં આવ્યું છે. જેના માટે ડૉ. વી.આર.જી. શૈક્ષણિક સંકુલના પ્રમુખશ્રી ડૉ. વિરમભાઈ ગોઢાણિયા, ટ્રસ્ટીશ્રી ભરતભાઈ વિસાણા તથા પ્રિ.શ્રી. ડૉ. નાગર સાહેબ દ્વારા વર્ષ ૨૦૧૩-૧૪ થી સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા હતા.

મહિલા કોલેજની વર્તમાન અને ભૂતપૂર્વ વિદ્યાર્થિનીઓને ઘરઆંગણે જ G.P.S.C., U.P.S.C. તથા અન્ય ઉચ્ચ હોદ્દાઓ મેળવીને, ઉત્કૃષ્ટ કારકીર્દિના ઘડતર માટે અનિવાર્યપણે આપવી પડતી સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેની ટ્રેનિંગ પ્રાપ્ત થાય અને તેઓ આ પરીક્ષાઓ સારી રીતે પસાર કરીને, તેમની કારકીર્દિનું ઘડતર ઉત્તમ રીતે કરી શકે તે હેતુથી આવા તાલીમવર્ગો શરૂ કરાયા છે.

આ તાલીમ વર્ગનો શુભારંભ મહિલા કોલેજમાં તા. ૨૮-૬-૨૦૧૪ ના રોજથી કરવામાં આવ્યો. જેના માટે 'વિશ્વાસ એકેડેમી-અમદાવાદ' ખાતેથી ગણિતશાસ્ત્રના તજજ્ઞ શ્રી પોરીન શાહસાહેબ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત, મહિલા કોલેજ ખાતેના C.C.D.C. ના કન્વીનરશ્રી કલ્પનાબહેન જોષી તથા C.C.P.C. ના કન્વીનરશ્રી કપિલભાઈ લાખાણી તથા મહિલા કોલેજના પ્રિન્સિપાલશ્રી ડૉ. નાગરસાહેબ ખાસ હાજર રહ્યા હતા. પ્રિ.શ્રી. એ પોતાના પ્રાસંગિક ઉદ્બોધનમાં જણાવ્યું કે, ''પોરબંદર જિલ્લાની આ પ્રથમ કોલેજ છે કે જે, આવા તાલીમવર્ગો શરૂ કરીને અનુભવી તજજ્ઞો દ્વારા વિદ્યાર્થિનીઓને અમૂલ્ય માર્ગદર્શન પુરૂ પાડવા તત્પર બની છે.'' સાથોસાથ તેમણે વિદ્યાર્થિનીઓને ઉજ્જવળ ભાવિ કારકીર્દિ માટે શુભેચ્છાઓ પણ પાઠવી હતી. આ તાલીમવર્ગો ડૉ. વી.આર.જી. મહિલા કોલેજમાં દર શનિવારે સવારે ૧૧:૦૦ થી સાંજના ૬:૦૦ વાગ્યા સુધી ચલાવવામાં આવે છે.

૨) તા. ૧૯-૦૬-૨૦૧૪ ના રોજ, ICICI Prudential ના સહયોગથી ડૉ. વી.આર.જી. મહિલા કોલેજમાં Job Fair તથા Work shop નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વક્તા તરીકે Area Manager શ્રી વિશાલ ઉપાધ્યાય હતા તથા Regional Manager શ્રી મિરલ સર તથા શ્રી ધર્મેશભાઈએ વિદ્યાર્થિનીઓને નોકરીની તકો અંગે PPT દ્વારા માહિતી પુરી પાડી હતી. જેમાં મહિલા કોલેજ ભૂતપૂર્વ તથા ત્રણેય વિદ્યાશાખાની વર્તમાન વિદ્યાર્થિનીઓ મળીને કુલ ૬૦ જેટલી બહેનોએ ભાગ લીધો. કાર્યક્રમનનો પ્રારંભ કુ. પ્રિયા ચૌહાણ દ્વારા પ્રાર્થનાથી કરાયો હતો. સ્વાગત પ્રવચન શ્રી કલ્પનાબહેન જોષીએ કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવામાં ડૉ. ભાવનાબહેન કેશવાલા, શ્રી કપિલભાઈ લાખાણી, પ્રા.

અંજનાબહેન ગાધેર તથા પ્રા. પુજાબહેન મદલાણીએ સહયોગ આપ્યો હતો.

૩) તા. ૩૧-૦૭-૨૦૧૪ ના રોજ, કારકીર્દિને લગતા પુસ્તકો તથા સામયિકોનું પ્રદર્શન મહિલા કોલેજની લાઈબ્રેરીમાં ગોઠવવામાં આવ્યું હતું. જેમાં મહિલા કોલેજની લગભગ ૨૭૦ જેટલી વિદ્યાર્થિનીઓએ આ પ્રદર્શન નિહાળવા ઉપરાંત, જરૂરી માર્ગદર્શન પણ મેળવ્યું હતું. પ્રદર્શન સફળ બનાવવામાં કોલેજના ગ્રંથપાલ શ્રી ભાસ્કરભાઈ જાની તથા UDISHA Club ની સભ્ય વિદ્યાર્થિનીઓએ પોતાનો અમૂલ્ય સહયોગ આપ્યો હતો.

## ૯) એન.એસ.એસ. અંતર્ગત પ્રવૃતિઓ :-

★ એન.એસ.એસ. યુનિટ નં. -૧ અને ૨ માં વિદ્યાર્થિનીઓની પ્રવેશ પ્રક્રિયા

★ એન.એસ.એસ. ના પ્રોગ્રામ ઓફિસરશ્રી ડૉ. ગીતાબહેન ઉનડકટ તથા પ્રા. દક્ષાબહેન ચોટાઈ દ્વારા એન.એસ.એસ. અંતર્ગત કરવામાં આવતી પ્રવૃતિઓ અંગેની માહિતી વિદ્યાર્થિનીઓને આપવામાં આવી.

★ સફાઈ અભિયાન.

★ વૃક્ષારોપણ તથા વૃક્ષોના મહત્વ અંગે વિદ્યાર્થિનીઓ સાથે ચર્ચા.

★ ગુરૂપૂર્ણિમા નિમિતે શ્રી સાંદિપની વિદ્યાનિકેતનમાં પૂ. ભાઈશ્રીના જ્ઞાનસત્રમાં એન.એસ.એસ. ની વિદ્યાર્થિનીઓ તથા પ્રોગ્રામ ઓફિસરશ્રીઓની ઉપસ્થિતિ.

★ શ્રી આશા બ્લડ બેંકના સહયોગથી બ્લડ ડોનેશન કેમ્પ.

★ નેચર કલબ રાજકોટ ના સહયોગથી પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલી વિદ્યાર્થિનીઓ માટે થેલેસેમિયા ટેસ્ટના કેમ્પનું આયોજન.

## ૧૦) મૂલ્યનિષ્ઠ શિક્ષણ અંતર્ગત પ્રવૃતિ :-

★ 'માનવજીવનમાં પ્રાર્થનાનું મહત્વ' વિષય પર નિબંધલેખન.

## ૧૧) 'Health Centre' અંતર્ગત પ્રવૃત્તિઓ :-

★ શ્રી આશા બ્લડ બેન્કના સહયોગથી બ્લડ ડોનેશન કેમ્પ.

★ 'નેચર કલબ રાજકોટ' તથા ડૉ. નીતિન પોપટના સહયોગથી થેલેસેમિયા ટેસ્ટ

★ મહિલા કૉલેજની ત્રણેય વિદ્યાશાખાઓની પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલી વિદ્યાર્થિનીઓનું બ્લડ ગ્રુપિંગ કરવામાં આવ્યું જેમાં મેનેજમેન્ટ દ્વારા આર્થિક સહયોગ પુરો પાડવામાં આવ્યો.

## ૧૨) લાઈબ્રેરી સમિતિ અંતર્ગત પ્રવૃત્તિઓ :-

★ નિબંધ સ્પર્ધા - વિષય 'મારૂ પુસ્તકાલય, નિર્ણાયકશ્રી -પ્રા. વર્ષાબેન જોષી

વિજેતાઓ - (૧) કુ. હિના બી. પડયા (૨) કુ. રેખા એચ. જગતીયા (૩) કુ. મંજુ આર. ખૂંટી

★ C.C.D.C. / UDISHA ના અનુસંધાને કારકીર્દિ સંબંધિત પુસ્તક/સામાયિક પ્રદર્શન

## (૧૩) Youth Red Cross અંતર્ગત પ્રવૃત્તિ :-

★ બ્લડ ડૉનેશન કેમ્પ

## (૧૪) સપ્તધારા અંતર્ગત પ્રવૃત્તિઓ :-

### (૧) રંગ કલા કૌશલ્યધારા

★ ચિત્ર સ્પર્ધા :-

નિર્ણાયકશ્રી -ડૉ. સ્મિતાબહેન આચાર્ય

વિજેતાઓ :- (૧) ખુશ્બુ લોઢારી, (૨) મિતલ કોટીયા, (૩) રિયા જુંગી.

★ શીઘ્ર ચિત્ર સ્પર્ધા :-

નિર્ણાયકશ્રી -ડૉ. સ્મિતાબહેન આચાર્ય

વિજેતાઓ :- (૧) મિતલ કોટીયા, (૨) કાજલ મોઢા, (૩) રિયા જુંગી.

### (૨) સર્જનાત્મક અભિવ્યકિતધારા

★ શૈક્ષણિક વર્ષ ૨૦૧૪-૧૫ની પ્રવૃત્તિઓનો શુભારંભ- જેમાં 'સપ્તધારા' કો-ઓર્ડિનેટર ડૉ. ચેતના બહેન બેચરા હાજર રહ્યા હતા તથા સર્જનાત્મક અભિવ્યકિત ધારાના કન્વીનરશ્રી ડૉ. ઇલાબેન થાનકી તથા પ્રા. વર્ષાબેન જોષી દ્વારા વિદ્યાર્થિનીઓની આ ધારા અંતર્ગત કરવામાં આવતી પ્રવૃત્તિઓ અંગેની માહિતી પુરી પાડવામાં આવી.

★ વિદ્યાર્થિનીઓની આંતરિક શકિતઓને ખીલવવાના હેતુથી 'શીઘ્રવાર્તા સ્પર્ધાનું' આયોજન કરાયું.

### (૩) સામુદાયિક સેવાધારા

★ સામુદાયિક સેવા ધારા અંતર્ગત કરવામાં આવતી પ્રવૃત્તિઓનો પરિચય.

★ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધ થયેલ સ્વાસ્થ્ય સંબંધિત લેખોનું વાંચન.

★ થેલેસેમિયાના બાળદર્દીઓ માટે રકતદાન કેમ્પ.

★ કૉલેજના રમત-ગમત મેદાનની સફાઇ.

★ પ્રથમ વર્ષની વિદ્યાર્થિનીઓની માટે થેલેસેમિયા ટેસ્ટ.

★ શીઘ્ર નિબંધ સ્પર્ધા 'વૃક્ષારોપણનું મહત્વ'. નિર્ણાયકશ્રી તરીકે ડૉ. રેખાબહેન મોઢા. વિજેતાઓ, (૧) શીતલ બગડા, (૨) કુંજન મહેતા, (૩) દેવી ગરચર

### (૪) ગીત-સંગીતધારા

★ શૈક્ષણિક વર્ષ ૨૦૧૪-૧૫ની પ્રવૃત્તિઓનો શુભારંભ કરાયો. જેમાં સપ્તધારા કો-ઓર્ડિનેટર શ્રી ડૉ. ચેતનાબહેન બેચરા ઉપસ્થિત રહ્યાં અને તેમણે ગુજરાત સરકારશ્રી દ્વારા ચલાવાતા 'સપ્તધારા કાર્યક્રમ'નો પરિચય આપ્યો તથા પ્રા. સુહાગીની બહેન ગરાસિયાએ ગીત-સંગીતધારા અંતર્ગત કરાતી પ્રવૃત્તિઓની માહિતી આપી તથા કૉલેજની વિદ્યાર્થિનીઓએ કેટલાક ગીતો રજુ કર્યા.

★ પ્રા. મોઢવાડિયા સાહેબે કવિશ્રી દુલા કાગ રચિત ભજન સંભળાવી તેની સમજુતી આપી. પ્રા. સુહાગીનીબહેન ગરાસિયાએ શાસ્ત્રીય સંગીત અંગેની માહિતી પૂરી પાડી. ઉપરાંત ડૉ.વાઘેલા સાહેબ, પ્રા. નીતાબહેન બોરીસાગર તથા વિદ્યાર્થીનીઓએ ગીતો તથા ગઝલોની રજુઆત કરી

★ 'વર્ષાગીત' અંગેની સ્પર્ધાનું આયોજન કરાયું. જેમાં પોરબંદરના જાણીતા સંગીતકાર શ્રી હરીશભાઇ થાનકી તથા મહિલા કૉલેજના હિન્દી વિભાગના પ્રા. સંગીતાબેન પારેખએ નિર્ણાયકશ્રી તરીકે સેવાઓ આપી જેના વિજેતાઓ (૧) કુ. પ્રિયા સાયાણી, (૨) કુ. ગીતા લખધીર તથા (૩) કુ. ફોરમ દેવરીયા જાહેર થયા.

★ પોરબંદરના જાણીતા લેખક તથા ગાયક શ્રી દુર્ગેશભાઇ ઓઝાએ વિદ્યાર્થિનીઓને સંગીત વિષયક માહિતી પુરી પાડી તથા જૂના હિન્દી ફીલ્મી ગીતોની રજુઆત કરી. પ્રા. નીતાબહેન બોરીસાગર દ્વારા ગઝલની રજુઆત કરી. આમંત્રિત મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

★ શિવ-સ્તુતિ, લોક-ગીતો, ગઝલો તથા ફિલ્મો ગીતોની રજુઆત ગીત સંગીતધારામાં કાર્યરત પ્રાધ્યાપકશ્રીઓ તથા વિદ્યાર્થિનીઓ દ્વારા કરવામાં આવી.

### (૫) જ્ઞાનધારા

★ ૨૦૧૪-૧૫ના શૈક્ષણિક વર્ષના પ્રારંભે કૉલેજમાં કાર્યરત જ્ઞાનધારા તથા અન્ય ધારાઓની પ્રવૃત્તિઓ અંગેની વિદ્યાર્થિનીઓને માહિતી આપવામાં આવી.

★ વિદ્યાર્થિનીઓ દ્વારા જ સાંપ્રત માહિતીને સ્થાનિક, રાજ્યકક્ષા, રાષ્ટ્રીય કક્ષા તથા આંતરરાષ્ટ્રીય કક્ષાના સ્તર પર વિભાજીત કરીને - આ માહિતીનું એકત્રીકરણ તથા જાણકારી આપવાનું કાર્ય કરવામાં આવે તેવું નકકી કરવામાં આવ્યું.

★ વિદ્યાર્થિનીઓ દ્વારા જ 'હેરીટેજ' વિષયને લગતી માહિતી 'રાણકી વાવ' ના અનુસંધાને એકત્ર કરીને તે અંગેનું 'પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન' કરવામાં આવ્યું.

★ વિદ્યાર્થિનીઓ સાથે બજેટ અંગે ચર્ચા કરવામાં આવી.

★ કૉલેજમાં માનસશાસ્ત્ર વિભાગના પ્રાધ્યાપકશ્રી બાકુસાહેબ દ્વારા 'દુઃખ કાયમ રહેતું નથી' એ વિષય પર પાવર પોઈન્ટ પ્રેઝેન્ટેશન.

**(૬) નાટયધારા**

★ શ્રી ચેતનભાઇ દવે દ્વારા Expert Lecture - 'Drama Art - Expression of Heart' તથા વિદ્યાર્થિનીઓ દ્વારા તેમના ગત વર્ષની નાટ્ય સફરના અનુભવોની રજુઆત.

★ નાટક રજુઆત વિષય :- 'મારે પરણવું નથી' દિગ્દર્શન -શ્રી ચેતનભાઇ દવે. રજુઆત -કૉલેજની વિદ્યાર્થિનીઓ.

★ Story - Reshaping Competition વિજેતાઓ (૧) બંસી લાખાણી (૨) હિના વાજા (૩) વર્ષા થાનકી

**(૭) ખેલ-કૂદ યોગ વ્યાયામ ધારા**

★ ગુજરાત સરકારશ્રી દ્વારા આયોજિત કાર્યક્રમ 'ગતિશીલ ગુજરાત' અંતર્ગત ડૉ. વી. આર. ગોઢાણિયા મહિલા કૉલેજમાં તા.૧૭/૭/૨૦૧૪ થી કરાટે કલાસીસનું આયોજન કરાયેલ છે. જેમાં દરેક વિદ્યાશાખાની ત્રણેય વર્ષની કુલ મળીને ૩૦૦ જેટલી વિદ્યાર્થીનીએ કરાટેની તાલીમ પ્રાપ્ત કરી છે. આ કરાટે કલાસીસમાં ટ્રેઈનર તરીકે શ્રી કેતનભાઈ કોટીયાએ સેવાઓ આપેલ છે. કન્વીનરશ્રી તરીકે મહિલા કોલેજના વાઈસ પ્રિ.શ્રી. કગથરા સાહેબે ફરજ બજાવેલ તથા આ કાર્યક્રમમાં 'પોરબંદર જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી' નો પણ સહયોગ પ્રાપ્ત થયેલ છે.

★ 'પોરબંદર જિલ્લા મહિલા રમતોત્સવ' ના ઉપક્રમે કબડી તથા વોલીબોલની સ્પર્ધાનું આયોજન પોરબંદર ખાતે કરવામાં આવેલું. જેમાં ડૉ. વી.આર.જી. મહિલા કોલેજની ૨૪ વિદ્યાર્થિનીઓએ ઉત્સાહભેર ભાગ લઈને આગવું સ્થાન પ્રાપ્ત કરેલ છે.

## ૧૫) અભ્યાસવર્તુળ અંતર્ગત પ્રવૃતિઓ :-

### ૧) સંસ્કૃત અભ્યાસવર્તુળ :-

★ તા. ૨૦-૬-૨૦૧૪ થી દરરોજ, B.A. Sem-5 (સંસ્કૃત) ની વિદ્યાર્થિનીઓ દ્વારા, નોટિસ બોર્ડ પર સંસ્કૃત સુભાષિત લેખન.

★ તા. ૧-૭-૨૦૧૪ થી 'સંસ્કૃત અનુવાદ' - Short Term Course નો પ્રારંભ.

★ ગુરૂપૂર્ણિમા નિમિતે 'માનવજીવનમાં ગૂરૂનું મહત્વ' વિષય પર નિબંધલેખન સ્પર્ધા.

★ સંસ્કૃત ભાષામાં નિબંધલેખન સ્પર્ધા. નિર્ણાયકશ્રી, પ્રા. વર્ષાબહેન જોષી. વિજેતાઓ, (૧) વર્ષા થાનકી તથા પારૂલ ચાવડા, (૨) ઇલા સોનરાજ, (૩) હેતલ મોઢવાડિયા તથા દક્ષા સાદિયા.

### ૨) હિન્દી અભ્યાસવર્તુળ :-

★ 'જ્ઞાનપીઠ પુરસ્કાર' વિજેતા હિન્દી સાહિત્યકારોના ચાર્ટ તૈયાર કરાવવામાં આવ્યા.

★ ઈન્ટરનેટ પરથી હિન્દી સાહિત્યના અનુસંધાને નાટક/કહાની/મધ્યકાલીન સંતો-ભકતોના દોહા તેમજ કવિઓના ગીતોનું (ઓડિયો-વીડીયો) એકત્રીકરણ.

★ T.Y.B.A. હિન્દી વર્ગખંડમાં આ ઓડિયો-વીડીયો માહિતિનું પ્રસ્તુતીકરણ.

★ નિબંધ સ્પર્ધા/Friendship Day Card તથા PPT ની સ્પર્ધાઓનું આયોજન.

### ૩) અર્થશાસ્ત્ર અભ્યાસવર્તુળ :-

★ તા. ૦૩-૦૭-૨૦૧૪ ના રોજ, અર્થશાસ્ત્ર અભ્યાસવર્તુળની શૈક્ષણિક વર્ષ ૨૦૧૪-૧૫ની પ્રવૃતિઓનો શુભારંભ કરવામાં આવ્યો. જેમાં અર્થશાસ્ત્ર વિભાગના પ્રાધ્યાપકશ્રીઓ, પ્રા. ડૉ. ઈલાબહેન થાનકી, પ્રા. ડૉ. ભાવનાબહેન કેશવાલા, પ્રા. અંજનાબહેન ગાધેર તથા અર્થશાસ્ત્ર વિભાગની વિદ્યાર્થિનીઓ સામેલ થયા હતા. કાર્યક્રમની શરૂઆત ૐ કાર તથા ગાયત્રીમંત્રથી કરવામાં આવી. ડૉ. ભાવનાબહેન કેશવાલાએ અગાઉનાં વર્ષો દરમ્યાન અર્થશાસ્ત્ર અભ્યાસવર્તુળ દ્વારા તૈયાર કરાયેલી પ્રવૃતિઓ અંગેની માહિતી PPT દ્વારા વિદ્યાર્થિનીઓ પુરી પાડી. ડૉ. ઈલાબહેન થાનકીએ પ્રથમ વર્ષમાં જોડાયેલી વિદ્યાર્થિનીઓ અભ્યાસવુર્તળની પ્રવૃતિઓમાં સામેલ થવા માટે પ્રેરણા અને માર્ગદર્શન પુરા પાડ્યા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન B.A.Sem-5 (અર્થશાસ્ત્ર) ની વિદ્યાર્થીની કુ. જયના થાનકીએ કર્યું હતું.

★ અર્થશાસ્ત્ર તથા સમાજશાસ્ત્ર અભ્યાસવર્તુળના સંયુકત ઉપક્રમે તા. ૧૪-૭-૨૦૧૪ થી તા. ૧૯-૭-૨૦૧૪ દરમ્યાન 'ગુજરાત રાજય સહકારી સંઘ' ની 'મહિલા સહકારી શિક્ષણ યોજના' હેઠળ 'જુનાગઢ જિલ્લા સહકારી સંઘ' ના ઉપક્રમે 'મહિલા યુવા સહકારી શિક્ષણ તાલીમવર્ગ' નું આયોજન કરવામાં આવ્યું. જેમાં જુનાગઢ જિલ્લા સહકારી સંઘના C.E.I. શ્રી અવનીબહેન ઠાકર દ્વારા સતત છ દિવસ સુધી આ કાર્યક્રમમાં જોડાયેલી અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર તથા અન્ય વિષયો તથા વિદ્યાશાખાઓની કુલ મળીને ૫૫ વિદ્યાર્થિનીઓને સહકારી મંડળીઓ દ્વારા કરવામાં

આવતી વિવિધ પ્રવૃતિઓ અંગેનું માર્ગદર્શન આપવામાં આવ્યું. જેમાં તા. ૧૭-૭-૨૦૧૪ ના રોજ પોરબંદર ખાતેની 'કોમર્શિયલ કો-ઓપરેટીવ બેંક' ની મુલાકાત પણ આ વર્કશોપમાં જોડાયેલી વિદ્યાર્થિનીઓએ લીધી તથા ઘણી ઉપયોગી માહિતી પ્રાપ્ત કરી. તા. ૧૮-૭-૨૦૧૪ ના રોજ આના અનુસંધાનમાં કરવામાં આવ્યું તથા વિજેતાઓ 'જુનાગઢ જિલ્લા સહકારી સંઘ' દ્વારા શિલ્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા. તા. ૧૯-૭-૨૦૧૪ ના રોજ આ વર્કશોપની પૂર્ણાહુતિ કરવામાં આવી.

સમગ્ર વર્કશોપનું સંચાલન અને વ્યવસ્થા સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. રેખાબહેન મોઢા દ્વારા કરવામાં આવ્યા. જેમાં તેમને ડૉ. કીર્તિબહેન જાની, ડૉ. ઈલાબહેન થાનકી, ડૉ. ભાવનાબહેન કેશવાલા, પ્રા. અંજનાબહેન ગાધેર તથા સમાજશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર વિભાગની વિદ્યાર્થિનીઓનો સહયોગ પ્રાપ્ત થયો હતો.

**૪) સમાજશાસ્ત્ર અભ્યાસવર્તુળ :-**

★ તા. ૦૭-૦૭-૨૦૧૪ થી U.G.C. માન્ય Short Term Course - Women Empowerment Level-3 નો પ્રારંભ કરવામાં આવ્યો.

★ તા. ૦૭-૦૭-૨૦૧૪ થી Short Term Course - Women's Rights and Law નો પણ પ્રારંભ કરવામાં આવ્યો.

★ તા. ૧૪-૦૭-૨૦૧૪ થી ૧૯-૦૭-૨૦૧૪ થી દરમ્યાન 'જૂનાગઢ જિલ્લા સહકારી સંઘ' દ્વારા આયોજિત 'મહિલા યુવા સહકારી શિક્ષણ તાલીમ વર્ગ' નું આયોજન કરાયું.

★ તા. ૨૬-૦૭-૨૦૧૪ ના રોજ 'વિશ્વ વસ્તી દિન'ની ઉજવણીના ભાગરૂપે એક ચર્ચાસભાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં બી.એ. સેમે.-૫ ની વિદ્યાર્થિનીઓએ, કુ. જયોતિ વાઢેર અને કુ. શાંતિ પાંડાવદરાએ 'ભારતમાં વસ્તી વૃધ્ધિ માટે જવાબદાર પરિબળો' અને 'ભારતમાં વસ્તી વૃદ્ધિની વિપરીત અસરો' અંગે પોતાના પ્રતિભાવો રજુ કર્યા તથા તે અંગેના ચાર્ટ તૈયાર કરીને નોટીસ બોર્ડ પર મૂકવામાં આવ્યા.

**૫) કોમર્સ - ગુજરાતી માધ્યમ :-**

★ વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરાયુ. જેમાં કાર્યક્રમના કન્વીનરશ્રી તરીકે ડૉ. ભાવનાબહેન મશરૂ તથા નિર્ણાયકશ્રી તરીકે ડૉ. સુલભાબહેન દેવપુરકર તથા પ્રા. ડોડીયાસાહેબે સેવાઓ આપી. ૨૫ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો. વિજેતાઓ :- (૧) કુ. કૃપા ચરાડવા, (૨) કુ. વંદના પોપટ (૩) કુ. જિજ્ઞાસા ધોકીયા.

★ શીઘ્ર નિબંધલેખન સ્પર્ધાનું આયોજન કરાયું. જેમાં કુલ ૨૭ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. જેમાં કન્વીનરશ્રી તરીકે શ્રી કગથરાસાહેબ તથા નિર્ણાયકશ્રી તરીકે પ્રા. શૈલેષભાઈ મહેતાએ સેવાઓ આપી હતી.

**૬) કોમર્સ - અંગ્રેજી માધ્યમ :-**

★ શૈક્ષણિક વર્ષ ૨૦૧૪-૧૫ની અભ્યાસવર્તુળની પ્રવતિઓનો શુભારંભ કરાયો. જેમાં F.Y.B.Com. (EM) માં પ્રવેશ મેળવેલી વિદ્યાર્થિનીઓને આવકારીને તેમને અભ્યાસવર્તુળની પ્રવૃતિઓનો પરિચય અપાયો. સંસ્થાના શિસ્ત અંગેના નિયમોની જાણકારી આપવામાં આવી તથા અંગ્રેજી માધ્યમની તમામ વિદ્યાર્થિનીઓઓ દ્વારા સંસ્થાના આ નિયમોનું ચુસ્ત રીતે પાલન કરવાનો આગ્રહ રજુ કરવામાં આવ્યો તથા દર મંગળવારે પ્રાધ્યાપકશ્રીઓ તથા મિત્રો સાથે અંગ્રેજીમાં જ વાત કરવાની સૂચના આપવામાં આવી. ઉપરાંત, ધો. ૧૨ માં ૮૦% કરતા વધુ ગુણ પ્રાપ્ત કરીને, ડૉ. વી.આર.જી. મહિલા કોલેજમાં કોમર્સ અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ મેળવેલી ૧૩ જેટલી વિદ્યાર્થિનીઓને ત્રણ તાળીઓથી સન્માનિત કરવામાં આવી અને છેલ્લે વિદ્યાર્થિનીઓને PPT પ્રેઝન્ટેશન બતાવવામાં આવ્યું.

★ Debate Competition નું આયોજન કરાયું. જેનો વિષય હતો, 'ફાસ્ટફુડની વિરુદ્ધમાં ભારતીય દેશી આહાર'. ૧૧ વિદ્યાર્થિનીઓ ભારતીય દેશી આહારની તરફેણમાં હતી અને ૦૯ વિદ્યાર્થિનીઓ ફાસ્ટફુડની તરફેણમાં હતી. નિર્ણાયકશ્રી તરીકે પ્રા. ઋષિભાઈ પંડયા તથા પ્રા. પુજાબહેન મદલાણીએ સેવાઓ આપી. વિજેતાઓ, (૧) દિવ્યા અટારા (સેમ-૫), (૨) ગિરજા શમશાદી (સેમ-૧), (૨) કૃપા ચરડવા (સેમ-૧), (૩) અંજલી વણિયા (સેમ-૩), (૪) ઐશ્વર્યા ભટ્ટ (સેમ-૩).

★ Elocution Competition :

વકતૃત્વ સ્પર્ધાનો વિષય - 'India of My Dreams' હતો. જેમાં ૨૦ વિદ્યાર્થિનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. નિર્ણાયકશ્રી તરીકે પ્રા. જાનકીબહેન કોટેચા તથા પ્રા. મિતલબહેન જેઠવાએ સેવાઓ આપી. જેના વિજેતાઓ, (૧) કુ. રિદ્ધિ બોખીરીયા તથા કુ. નૈનિકા નીખા સેમ-૫, (૨) કુ. બંસી લાખાણી તથા કુ. દિવ્યા અટારા સેમ-૫, (૩) કુ. નિપા કોટેચા તથા કુ. જિનલ પોપટ (સેમ-૧) જાહેર થયા.

ઉપરાંત, ગુરૂપૂર્ણિમા નિમિતે મહિલા કોલેજમાં યોજાયેલા કાર્યક્રમમાં કુ. કાજલ ટીટાએ વકતવ્ય રજુ કર્યું.

★ Mono Acting Competition

આ કાર્યક્રમ પ્રા. જાનકીબહેન કોટેચા દ્વારા નક્કી કરવામાં આવ્યો હતો તથા જેમાં પ્રા. વિપુલભાઈ દાસાણી તથા પ્રા. ચાંદનીબહેન દવેએ નિર્ણાયકશ્રી તરીકે સેવાઓ આપી હતી. વિજેતાઓ, (૧) કૃપા ચરડવા (સેમ-૧), (૨) જોષી મિતલ તથા જોષી કોમલ (સેમ-૩), (૩) દિવ્યા અટારા (સેમ-૫)

★ A Seminar by the Green Wildlife Conservation Society-Porbandar.

આ સેમિનાર The Green Wildlife Society - Porbandar ના પાંચ સભ્યો, શ્રી ચિરાગ પિત્રોડા, શ્રી વિવેક ભટ્ટ તથા શ્રી નયન થાનકી હાજર રહ્યા હતા તથા તેમણે સૌરાષ્ટ્ર વિસ્તારમાં જોવા મળતા ઝેરી અને બિનઝેરી સર્પ વિષેની માહિતી આપતું રસપ્રદ પીપીટી પ્રેઝન્ટેશન રજુ કર્યું તથા સર્પ કરવાની સ્થિતિમાં તાત્કાલિક સારવાર આપવા અંગે અમૂલ્ય માર્ગદર્શન પુરૂ પાડયું હતું. આ કાર્યક્રમનું આયોજન પ્રા. ઋષિ પંડયા દ્વારા કરવામાં આવ્યું હતું.

**૭) હોમસાયન્સ અભ્યાસવર્તુળ :-**

★ મલ્ટીમીડીયા અંગેની જાગૃતિના અનુસંધાનમાં એક સેમિનારનું આયોજન કરાયું.

★ તા. ૧૦-૭-૨૦૧૪ થી ‘ટેલરીંગ એન્ડ કટીંગ’ નો એક Short Term Course શરૂ કરવામાં આવ્યો.

★ ગુજરાત સરકારશ્રી દ્વારા પ્રેરિત અને ‘ડિસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સ-પોરબંદર’ ના સહયોગથી ચાલતા ઉદ્યોગ સાહસિક તાલીમ કાર્યક્રમની મુલાકાત.

## ૧૬) વર્ષગાંઠ અભિનંદન :-

પસ્તુત અંકમાં ઓગસ્ટ-૨૦૧૪ તથા સપ્ટેબર-૨૦૧૪ દરમિયાન જેમની વર્ષગાંઠ આવી રહી છે. તેમને અભિનંદન પાઠવતાં ‘જ્યોર્તિગમય’ની ટીમ અત્યંત આનંદ અનુભવે છે.

૧) ઓગસ્ટ-૨૦૧૪

તા. ૦૬ ઓગસ્ટ - પ્રિ.શ્રી.ડૉ. નાગરસાહેબ

તા. ૩૧ ઓગસ્ટ - ડૉ. કમલેશભાઈ ગોહેલ

તા. ૧૫ ઓગસ્ટ - ડૉ. ભાવનાબહેન કેશવાલા

તા. ૧૫ ઓગસ્ટ - શ્રી. ભરતભાઈ સિસોદીયા

તા. ૦૪ ઓગસ્ટ - શ્રી દિલીપભાઇ ખુંટી

તા. ૨૦ ઓગસ્ટ - પ્રા. ઋષિભાઈ પંડયા

તા. ૦૧ ઓગસ્ટ - પ્રા. મિતલબહેન જેઠવા

તા. ૨૨ ઓગસ્ટ - શ્રી. દિલીપભાઈ તૈરેયા

૨) સપ્ટેબર-૨૦૧૪

તા. ૧૪ સપ્ટેબર આદરણીય ટ્રસ્ટીશ્રી શ્રીમતી શાંતાબહેન ઓડેદરા

તા. ૦૫ સપ્ટેબર ડૉ. ચેતનાબહેન બેચરા

તા. ૧૧ સપ્ટેબર શ્રી દિવાળીબહેન સોનેરી

ઉપરોક્ત તમામ સભ્યોને તેમની વર્ષગાંઠ નિમિતે ડૉ. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજ પરિવાર વતી ખુબ ખુબ અભિનંદન સાથે ભાવિ પ્રગતિ માટે શુભેચ્છાઓ.

## ૧૭) હોસ્ટેલ કોર્નર :-

શૈક્ષણિક વર્ષ-૨૦૧૪-૧૫થી ‘જ્યોર્તિગમય’ માં આ નવી કોલમનો ઉમેરો થઇ રહ્યો છે. જેમાં ડૉ. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજમાં, ડૉ.વી.આર. ગોઢાણિયા કોલેજની હોસ્ટેલમાં રહીને અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓ માટે, તેમના વ્યકિતવ્ય વિકાસ માટે હોસ્ટેલ દ્વારા કરવામાં આવતી પ્રવૃતિઓ વિષેની માહિતી રજુ કરવામાં આવશે.

પ્રસ્તુત અંકમાં ડૉ.વી.આર. ગોઢાણિયા હોસ્ટેલના સંચાલન માટે ગૃહમાતા તરીકે ૨૦૧૪-૧૫ નાં વર્ષથી જોડાયેલા શ્રી પુષ્પાબહેન જોષી દ્વારા તૈયાર કરાયેલ અહેવાલ પણ રજુ કરવામાં આવ્યો છે.

**શ્રી પુષ્પાબહેન જોષી**

**એડમિનિસ્ટ્રેટર, ડૉ. વી.આર. ગોઢાણિયા મહિલા હોસ્ટેલ, પોરબંદર**

''સુરખાબી નગરી પોરબંદરની મધ્યમાં પ્રસ્થાપિત થયેલી અને પોરબંદર જિલ્લાની પ્રથમ નંબરની કોલેજ તરીકે પ્રમાણિત થયેલી ડૉ. વી.આર. ગોઢાણિયા કોલેજની હોસ્ટેલ, કોલેજ કેમ્પસમાં છે. અમારી આ હોસ્ટેલમાં ધોરણ ૭ થી ૧૨ અને આર્ટ્સ, કોમર્સ, હોમ સાયન્સ અને આઈ.ટી. વિભાગ- તમામની દીકરીઓ રહે છે.

આધુનિક યુગમાં મોંઘવારી કુદકે ને ભૂસકે વધી રહી છે. ત્યારે મધ્યમ વર્ગને પરવડે એવી વ્યાજબી ફી લઇને દીકરીઓને પ્રવેશ આપવામાં આવે છે. અહીં કોઈ જ્ઞાતિ કે ધર્મ ભેદ નથી. સર્વધર્મ સમાનતાના ધોરણે અહી પ્રવેશ આપવામાં આવે છે. અમારી આ હોસ્ટેલમાં રહીને ૯૦૦ થી વધુ દીકરીઓ અભ્યાસ કરે છે. બંને સમયનું ભોજન અને પ્રાત:નાસ્તો પણ પૌષ્ટિક આપવામાં આવે છે. માનનીય ટ્રસ્ટીશ્રીઓની સમાજ માટે કંઈક કરી છુટવાની ઉમદા ભાવના અહીં દષ્ટિગોચર થાય છે. અહીં વૈદિક અને આધુનિકતાનો સમન્વય કરી દીકરીઓમાં સંસ્કારોનું સિંચન કરવામાં આવે છે. હોસ્ટેલના સમય દરમિયાન સ્પોર્ટસ્, ભરત નાટયમ્, મેંદી, ચિત્રકળા અને ઈંગ્લીશની વિશેષ તાલીમ આપવામાં આવે છે. સાયં વૈદિક સંધ્યાથી વાતાવરણ પવિત્ર અને મનોરમ્ય લાગે છે. જે દીકરીઓને શિસ્તબદ્ધ અને સંયમપૂર્વકનું જીવન જીવવામાં મદદરૂપ થઈ શકે છે.''

★ હોસ્ટેલ વિભાગમાં મહિલા કોલેજની વિદ્યાર્થિનીઓ માટે કરાયેલ પ્રવૃતિઓ.

૧) રંગબાઈ પિકનિક, સવારથી સાંજ

૨) ડ્રોઈંગ સ્પર્ધા, જેના વિજેતાઓને ડૉ. વી.આર. ગોઢાણિયા શૈક્ષણિક સંકુલના મેનેજીંગ ટ્રસ્ટીશ્રી અર્જુનભાઈ મોઢવાડિયા વરદ હસ્તે પારીતોષિક એનાયત કરવામાં આવ્યા.

૩) સર્વાંગી વ્યકિતત્વ વિકાસ માટે, વાતચીતની કલા, મહેંદી કલાસીસ, રમતગમતની તાલીમ, સ્પોકન ઈંગલીશ માટેના વર્ગો શરૂ કરાયા છે તથા સાંજના સમયે ૬:૩૦ થી ૭:૦૦ દરમ્યાન સંધ્યા ઉપાસના, જેમાં હોસ્ટેલમાં રહેતી ૯૦૦ વિદ્યાર્થિનીઓ એક સાથે વૈદિક મંત્રોચ્ચાર કરે ત્યારે વાતાવરણ પવિત્ર અને ભકિતમય બની રહે છે.

૪) ભરતનાટમની નૃત્યતાલીમ માટેના વર્ગો શરૂ કરાયા છે. જેમાં 'ગાંધર્વ' ની પરીક્ષા આપી શકાય છે. જે પાટનગર દિલ્હી ખાતેથી લેવાય છે અને તેના સર્ટિફીકેટના આધારે નૃત્યક્ષેત્રે કારકીર્દિનું ઘડતર થઇ શકે છે. તે માટેના તાલીમ વર્ગો શરૂ કરવામાં આવ્યા છે.

## ૧૭) ટીચર્સ કોર્નર :-

જુન-જુલાઇ ૨૦૧૪ના પ્રસ્તુત અંકના આ વિભાગમાં મહિલા કૉલેજના સમાજશાસ્ત્ર તથા અર્થશાસ્ત્ર વિભાગના પ્રાધ્યાપકશ્રીઓ દ્વારા રજુ

**અર્થશાસ્ત્ર વિભાગ** ડૉ. ઈલાબહેન થાનકી

॥ ૐ ॥

સફળતાની દીવાદાંડી

સત્ય જીવનમાં એટલું જ છે કે જીવનમાં પ્રકાશ હંમેશા જ્ઞાનનું પ્રતિક ગણાય છે. અંધારાને નષ્ટ કરવા અને જે છે તેનું દર્શન થાય તે માટે પ્રકાશ જરૂરી ગણાય છે. પ્રકાશ એટલે વાસ્તવિકતા. આથી જ્ઞાનની જ્યોત સદાય ઝળહળતી રહી જેવું હશે તેવું દર્શાવશે. સાત્વિકતા અને વાસ્તવિકતા વિવેકશીલતા દર્શાવે છે તે કદી પણ પાછી પડતી નથી અને વાસ્તવિકતા જેની સમક્ષ હોય તે કદી કોઈપણ કાર્યમાં ગોથાં ખાતો નથી. ખોટી વાતને અનુસરતો નથી. હંમેશા તે નવી દિશા ભણી ગતિ કરાવે છે અને એ ગતિ જ પ્રગતિ દાતા બની રહે છે.

**અર્થશાસ્ત્ર વિભાગ** પ્રા. અંજના આર. ગાધેર,

**સફળતાનું રહસ્ય પરિશ્રમ**

વ્યકિત સફળતાના શિખર સુધી ત્યારે જ પહોચે છે કે જયારે તે સખત પરિશ્રમ કરે છે. આ સફળતા પ્રાપ્ત કરવા માટે તે પોતાની બધી જ શકિતઓને કામે લગાડે છે. સખત પરિશ્રમ કરનાર વ્યકિતને સફળતાની ટોંચની સુધી પહોચવામાં વિશ્વની કોઈપણ તાકાત અવરોધરૂપ બની શકતી નથી. સખત પરિશ્રમનું ફળ અવશ્ય પ્રાપ્ત થાય છે. ભગવાન શ્રી કૃષ્ણ એ પણ ગીતામાં કહ્યું છે કે, ''કર્મ કરો, ફળની ચિંતા કરો'' એટલે કે કર્મ કરશો તો ચોકકસ ફળની પ્રાપ્તિ થશે જ. સફળતાએ મનુષ્યની હસ્તરેખામાં સમાયેલી નથી, પરંતુ સખત અને સતત પરિશ્રમ કરનાર વ્યકિતના કદમોમાં સફળતા ખુદ આવી જાય છે. એટલે જ કહેવાય છે કે, ''પરિશ્રમ એ જ પારસમણિ''

**અર્થશાસ્ત્ર વિભાગ** ડૉ. ભાવનાબહેન કેશવાલા,

પરમાત્મા પ્રેમનું ઝરણું કે પ્રેરણાની મૂર્તિ

પોતાની જાત સાથેનું આત્મીયતાનું અનુસંધાન એ પરમાત્માનાં પરમ સ્પર્શના સમીપે જીવન જીવવાની ગુરૂચાવી છે. જાત સાથેની સાધના ''પવિત્રતા'' અને ''માનવતા'' આ બે મહાન ગુણોની જીવનતામાં જ મળે છે. પરમાત્મા સાથે પ્રેમની અનુસંધાનએ માનવજીવનની આત્મવિશ્વાસની અડગ ભેટ છે.

ખુબ ઓછા મનુષ્યો પરમાત્માને પોતાની જાત જ ધરી દે છે. ત્યારે જીવન સંપૂર્ણ શરણાગતિ અને સમર્પણના ભાવથી અન્ય જીવોના ભલા માટે મદદગાર અને માર્ગદર્શક બનીને ''સહજતા'' થી જીવી જાય છે. શિક્ષણ, સંસ્કાર, સભ્યતા, સમજણ, શાંતિ, સુલેહ આ ઉચ્ચ કોટિના આત્માનું પરમાત્મા સાથેનું જોડાણ હોવાથી આત્મા ખુદ જ પરમાત્માની પ્રેરણા મૂર્તિ અને જીવન એ પ્રેમનું ઝરણું બની રહે છે. ''જીવંતતા'' એ આધ્યાત્મિકતાનો આધાર સ્તંભ છે. જે સક્ષમ ભાવિ પેઢીનાં ઉજ્જવળ ભવિષ્ય માટે રાહબર છે.

વિદ્યાર્થિનીઓને સંદેશ : કુદરતના સાનિધ્યને ''જીવંતતા'' થી જીવનાર જાતને પ્રેમમયી જીવનની ભેટ ઈશ્વરને ધરે છે.

**સમાજશાસ્ત્ર વિભાગ** ડૉ. રેખાબહેન મોઢા

**For Success -**

**"Believe, you can succeed and you will"**

**સમાજશાસ્ત્ર વિભાગ** ડૉ. કીર્તિબહેન જાની

સુખી થવાની પાંચ ચાવીઓ છે:
૧) ઈર્ષામુક્ત થવું, (૨) ચિંતામુક્ત થવું, (૩) સાદું જીવન જીવવું, (૪) આપી છૂટવું, (૫) અપેક્ષારહિત હોવું.

## ૧૮) સ્ટુડન્ટ કોર્નર :-

★ **"Godisnowhere"**
this can be read as
"God is No where"
or as
"God is Now here"
everything depends
on How do you see
anything. So
"Think Positive"

★ 2 Get and 2 Give
Creates too many
Problems...
But...
just Double
it 4get and 4give
"solves all the
problems"

-Riya Jungi
B.Com. sem-1 (EM)

**Best Message for ever**

A mother may be
Educated or uneducated

But,
She gives "Best guidelines in the world when you fail in your life !
Thank your mother

**Amazing Facts**

Masjid - 6 words
Church - 6 words
Mandir - 6 words

Quran - 5 words
Bible - 5 words
Geeta - 5 words
They all peace the same 6 - 5 = 1

"GOD IS ONE"

-Kotia Mital
B.Com. sem-1 (EM)

★ શબ્દકોશમાં બીજા બધા શબ્દોમાં અર્થ મળી શકે છે, પરંતુ જીવનનો અર્થ તો જીવન જીવીને જ શોધવો પડ છે.

★ એક મધમાખી પોતાના પરિવાર માટે ૫૦૦ ગ્રામ મધ બનાવવા માટે ૨૦ લાખ ફુલો પર જાય છે. શું આપણે તેનાથી વધારે પરિશ્રમ કરીએ છીએ ? જો ના તો, મધમાખી પાસેથી પ્રેરણા લઇને સદા પુરૂષાર્થ કરીએ.

★ એક દિવસ એક વ્યક્તિએ ભગવાનને પૂછ્યું કે, મારા અને તારા પ્રેમમાં ફરક શું છે ? ત્યારે ભગવાનએ કહ્યું કે, પંખી હવામાં હોય એ મારો પ્રેમ અને પિંજરામાં હોય એ તારો પ્રેમ.

★ જેવી રીતે સૂર્યની સામે અંધકાર ટકી નથી શકતો, તેવી જ રીતે સત્યના સંપર્કમાં આવીને અસત્ય સ્વયં નાશ પામી જશે.

રાવલ ચાંદની
B.Com. Sem-1 (EM)

## ૧૯) પ્રિન્સીપાલશ્રીની કલમે

Dear students,

A proverb says, "Better than a thousand days of diligent study is one day with a great teacher." By the time you graduate, you would have spent around 3000 hours in the College receiving instruction from 21 teachers. And I am very sure that each one of you would have a story to narrate that would have changed your life. Let's remember our teachers with love and affection on this auspicious day.

I wish all of you a very Happy Teachers' Day and may the almighty shower His rarest of blessings upon you and make you a worthy citizen of this country.

## ૨૦) તંત્રી સ્થાનેથી,

### कृष्णांत्परं किमपि तत्वमहं न जाने

મુક્તિદાતા, લોકોના તારણહાર તથા ગીતાના ગાનારા શ્રીકૃષ્ણનો જન્મ થયો. તે દિવસ એટલે શ્રાવણ વદ અષ્ટમી, એ અતિ માંગલિક અને પવિત્ર દિવસ જન્માષ્ટમીના નામે પ્રચલિત છે. ભગવાનને રાજીપો તો ત્યારે થશે કે જયારે શ્રીકૃષ્ણને આપણા હૃદયમાં સ્થાન આપીશું. તેના વિચારો, તેની ગીતા ઘરે ઘરે પહોંચાડીશું. કેવળ એક નંદના ઘરે આનંદનો ઉમળકો રેલાવવાનો નથી, પણ કરોડોના હૈયામાં આનંદના હિલોળાથી ભગવાનને ઝુલાવવાના છે અને એ ત્યારે જ સંભવી શકે કે જયારે આપણે સહુ જેમનામાં ભગવાન પ્રત્યેની ભાવના જીવિત છે, જેમનામાં સંસ્કારોની થોડી ઘણી પણ મહેંક છે, તે બધા શ્રીકૃષ્ણના વિચારો અને તેની ગીતા ઘરે-ઘરે પહોંચાડવાનો જન્માષ્ટમીના પવિત્ર દિવસે સંકલ્પ લઇને તે માટે પ્રામાણિક પ્રયત્નો કરીશું, તો કૃષ્ણ જન્મોત્સવ ઉજવ્યો સાર્થક ગણાશે

ડૉ. રેખાબહેન મોઢા — શ્રી કલ્પનાબહેન જોષી — શ્રી સુરેશભાઈ ગોરસિયા
પ્રા. વર્ષાબહેન જોષી — પ્રા. ઋષિભાઈ પંડયા